# આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજય

## "વનબંધુ કલ્યાણ યોજના" અંતર્ગત વ્યવસાયીલક્ષી તાલીમ કેન્દ્ર

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭ થી રાજયભરમાં "વનબંધુ કલ્યાણ યોજના" અમલી કરવામાં આવેલ છે.વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા "ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર"ની રચના કરવામાં આવી છે. જે યોજનાની અમલીકરણની કામગીરી સંભાળે છે.

અનુસુચિત જનજાતિઓના યુવક / યુવતીઓને ઉચ્ચ ગુણવત્તા સભર તાલીમ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૦૮માં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડથી ખાનગી સંસ્થાઓની સાથે મળીને એક નવી પહેલ શરૂ કરી હતી.આદિજાતિના યુવક / યુવતીઓને ઉચ્ચ ગુણવત્તા સભર તાલીમ મળી રહે અને તેની સાથે રોજગારીની નવી તકો ઊભી કરી આદિજાતિના યુવક / યુવતીઓ રોજગારી પૂરી પાડવાના હેતુથી તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવે છે.આ કાર્યક્રમ અન્વયે આદિજાતિના લોકોની આવક બમણી કરવાનો સરકારનો લક્ષ્ય હતો અને આદિજાતિના યુવક / યુવતીઓને તાલીમ મળી રહે તે માટે વોકેશનલ તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

આદિજાતીના (૧૮થી ૩૫ વર્ષના) યુવક / યુવતીઓ ઉચ્ચગુણવત્તા યુકત તાલીમ આપવાના હેતુથી ગુજરાત રાજયમાં ૮ (આઠ) વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર કાર્યરત છે.

## પી.પી.પી. મોડ આધારીત વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર (VTC)

રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮ માં આ અંગેની નીતિ જાહેર કરેલ છે. તેની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

1. 10 એકર સુધીની જમીન રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.
2. વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રના બાંધકામ અને સાધન માટે રાજ્ય સરકારનો 75% ફાળો તેમજ ખાનગી ભાગીદારનો 25% ફાળો રહે છે.
3. આદિજાતીની તાલીમાર્થીઓ માટેનો અનાવર્તક ખર્ચ 100% રાજ્ય સરકાર ભોગવે છે.
4. પાંચ અથવા સાત વર્ષના સમયગાળા માટે નિશ્ચિત લાભાર્થીઓને તાલીમ પૂરી પાડવાની શરતે એમ.ઓ.યુ. પાર્ટનર સંસ્થા અને ડેવલપમેંટ એજન્સી ઓફ ગુજરાત વચ્ચે કરવામાં આવે છે.

5. તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ થયે સંસ્થા દ્વારા 75% પ્લેસમેંટ કરવાનું રહે.
6. તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવા તથા જમવા માટે ની ની:સૂલ્ક સુવિધા રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે.

## પી.પી.પી. મોડ આધારીત નીચે મુજબના 8 વ્યવસાય તાલીમ કેન્દ્ર કાર્યરત છે.

| અનુ ક્રમ | અમલીકરણ સંસ્થા | સમયગાળો | ટ્રેડ/સેક્ટર |
|---|---|---|---|
| ૧ | શ્રી વાગલધારા વિભાગ કેળવણી મંડળ ,ગામ-વાઘલધરા જી-વલસાડ | ૨૦૧૦ થી ૨૦૧૭ | એંજિનિયરિંગ/ઈલેક્ટ્રિકલ/કેમિકલ/સીવણ સેક્ટર |
| ૨ | અતુલ ઇન્ડસ્ટ્રી,ગામ-ઓજરપાડા, તા.ધરમપૂર, જી-વલસાડ | ૨૦૧૦ થી ૨૦૧૭ | કેમિકલ/આઈ.ટી./ઈલેક્ટ્રિકલ એંજિનિયરિંગ સેક્ટર |
| ૩ | ઓલ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડ્રાઈવીગ ટેકનીકલ ટ્રેનીગ એન્ડ રીસર્ચ,ગામ-ગજાધરા, જી- વડોદરા | ૨૦૦૯ થી ૨૦૨૦ | ઓટોમોબાઈલ સેક્ટર |
| ૪ | શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ,ગામ-પાલડી, તા-વાઘોડીયા,જી-વડોદરા | ૨૦૧૦ થી ૨૦૧૭ | પેરા મેડિકલ /એન્જીનિયરીંગ /બીપીઓ/ક્રાફ્ટ |
| ૫ | ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, જી-દાહોદ | ૨૦૧૦ થી ૨૦૧૭ | કન્સ્ટ્રક્શન સેક્ટર |
| ૬ | સેવા રૂરલ ટ્રસ્ટ,ગામ-ઝગડીયા,જી-ભરૂચ | ૨૦૧૦ થી ૨૦૨૦ | કેમિકલ/એંજિનિઈરિંગ/ઈલેક્ટ્રિકલ/આઈ.ટી |
| ૭ | મુનીસેવાશ્રમ,ગામ-ગોરજ,જી-વડોદરા | ૨૦૧૧ થી ૨૦૧૭ | પેરા મેડિકલ/બીપીઓ આઈ.ટી. સેક્ટર |
| ૮ | સીપેટ,ગામ-અટકપારડી,તા-ધરમપુર,જી-વલસાડ | ૨૦૧૦ થી ૨૦૨૦ | પ્લાસ્ટિક એંજિનિયરિંગ સેક્ટર |

ઉપરોકત આઠ તાલીમ કેન્દ્રોમાં વિવિધ સેક્ટર માં કુલ ૭૦ જેટલા ટ્રેડ/કોર્ષ કાર્યરત છે તથા આઠ કેન્દ્ર ની  તાલીમ ક્ષમતા દર વર્ષે  7000 તાલીમાર્થીઓની છે તેના માટે આવતા વર્ષમાં રૂ.૧૫.૦૦ કરોડ જેટલી અનાવર્તક ખર્ચ થવાનો છે. આજ દીન સુધી કુલ ૨૦,૪૦૪ લોકોને તાલીમ આપેલ છે અને ૧૬,૧૦૩ તાલીમાર્થીઓને રોજગારી સાથે જોડેલા છે. તે પૈકી 34 જેટલા તાલીમાર્થીઓને મધ્યપૂર્વના દેશોમાં(દુબઈ)ખાતે નોકરી મળેલ છે.જે માટે સરકારશ્રી દ્વારા કુલ રૂ.૪૩.૭૦  કરોડ ખર્ચ થયેલ છે.

# વ્યવસાયી તાલીમ કેન્દ્ર "સેંન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટિક એંજિનીરિંગ અને ટેક્નોલૉજી(સિપેટ)"

ભારત સરકારના કેમીકલ્સ અને ફર્ટીલાઈજર મંત્રાલય હેઠળ કેમિકલ અને પેટ્રોકેમિકલ વિભાગ અંતર્ગત કાર્યરત "સેંન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટિક એંજિનિયરિંગ એંન્ડ ટ્રેનીંગ(સિપેટ)" ને ગામ-ઓજારપાડા,તા.ધરમપુર,જી-વલસાડ ખાતે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર(વિટીસી) પ્રોજેકટ ની મંજૂરી આપવામાં આવેલ હતી. સેંન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટિક એંજિનીરિંગ અને ટેક્નોલૉજી(સિપેટ) દ્વારા દેશ ભરમાં વિવિધ રાજ્યોમાં કુલ ૨૩ કેન્દ્રો પર પ્લાસ્ટીક એન્જિનિયરીંગ ક્ષેત્રે ઉચ્ચ ગુણવતાયુક્ત રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે.

## ❖ પ્રોજેકટ ની વિગત

- વોકેશનલ તાલીમ કેન્દ્ર ના બાંધકામ માટે રાજય સરકારશ્રી દ્વારા ચીખલી ,જી-નવસારી ખાતે ૧૦ એકર જમીન ફાળવેલ છે.
- પ્રોજેકટ નું કુલ બજેટ રૂ.૫૬૬૯.૫૦ લાખ મંજૂર કરેલ છે તે પૈકી આવર્તક ખર્ચ માટે રૂ.૩૮૩૮.૦૦ લાખ તથા અનાવર્તક ખર્ચ માટે રૂ.૧૮૩૧.૫૦ લાખ મંજૂર કરેલ છે.
- વિટીસી પ્રોજેકટનો સમયગાળો ૧૦ વર્ષ માટે મંજૂર કરેલ છે તથા પ્રોજેકટ ના સમયગાળા દરમ્યાન કુલ ૯૦૦૦ આદિજાતિ યુવક/યુવતી ને પ્લાસ્ટિક એન્જીનિયરીંગ ક્ષેત્રે તાલીમ આપવામાં આવશે.
- તાલીમ પૂર્ણ થયા બાદ સિપેટ સંસ્થા દ્વારા ઓછા માં ઓછા 75% તાલીમાર્થીનું જોબ પ્લેશમેંટ કરવામાં આવશે.
- રાજય સરકાર દ્વારા વિટીસી પ્રોજેકટનો ૧૦૦% અનાવર્તક અને ૧૦૦% આવર્તક ખર્ચ ભોગવવામાં આવશે.
- વિટીસી પ્રોજેકટ માં આદિજાતિ યુવક/યુવતી ને રહેવા તથા જમવા અંગે ની નિઃશુલ્ક વ્યવસ્થા રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

**સિપેટ સંસ્થા દ્વારા નીચે મુજબ ના વિવિધ કોર્ષમાં તાલીમ આપવામાં આવશે :-**

1. પ્લાસ્ટિક પ્રોડક્ટ મેન્યુફેકરિંગ ટેક્નોલૉજી
2. ઓપેરેટર ટ્રેનીંગ ઓન ઈંન્જેક્સ્ન મોલ્ડિંગ પ્રોસેસ
3. ઓપેરેટર ટ્રેનીંગ ઓન એકતૃસન ટેક્નોલૉજી
4. ડીઝાયન યુઝિંગ કેડ/કેમ સૉફ્ટવેર
5. સીએનસી મિલિંગ ઓપરેટર
6. સિએનસી લેથ ઓપરેટર
7. ઈન્જેકશન મોડલીંગ મશીન ઓપરેશન
8. ફીલ્મ એકટેશન મશીન ઓપરેશન
9. પાઈપ પ્રોફાઈલ એકટેશન મશીન ઓપરેશન
10. બ્લો એન્ડ રોટો મોડલીંગ ઓપરેશન
11. પ્લાસ્ટીક રીકસાઈકલીંગ મશીન ઓપરેશન
12. એફઆરપી પ્રોડકર્સ મેન્યુફેકચરીંગ ઓપરેશન
13. પ્લાસ્ટીક સેકસ મશીન ઓપરેશન
14. પ્લાસ્ટીક પાઈપ ફીટીંગ એન્ડ જોઈનીંગ ઓપરેશન
15. પીવીસી પાઈપ થેરડીંગ મશીન ઓપરેશન
16. ટેસ્ટીંગ એન્ડ કવાલીટી કન્ટ્રોલ ફોર પ્લાસ્ટીક મટીરીયલ એન્ડ પ્રોડકર્સ
17. મેન્ટેનન્સ ઓફ પ્લાસ્ટીક પ્રસેસીંગ મશીનરી
18. પ્લાસ્ટીક મોડલ મેન્યુફેકચરીંગ
19. એન્ડવાન્સ પ્લાસ્ટીક મોડલ મેન્યુફેકચરીંગ
20. સીએનસી લેથ પ્રોગ્રામીંગ એન્ડ ઓપરેશન ફોર પ્લાસ્ટીક ઈન્ડસ્ટીઝ
21. સીએનસી માઈલીંગ પ્રોગ્રામીંગ એન્ડ ઓપરેશન ફોર પ્લાસ્ટીક ઈન્ડસ્ટીઝ
22. પ્લાસ્ટીક પ્રોડકર્સ એન્ડ મોડલ ડીઝાઈન

સિપેટ વિટીસી દ્વારા પ્લાસ્ટિક એન્જીનિયરીંગ પર વિવિધ ૨૨ જેટલા કોર્ષ/ટ્રેડ માં તાલીમાર્થી ને ૩ થી ૬ મહિના ના સમયગાળા માં તાલીમ આપવામાં આવેશે તથા તાલીમ પૂર્ણ થયા બાદ રોજગારી પૂરી પાડવામાં આવે છે. હાલમાં અલગ અલગ ટ્રેડ/કોર્ષમાં કુલ ૬૫૩ જેટલા તાલીમાર્થીઓ તાલીમ પૂર્ણ છે.